# સેકટરોમાં ખોદકામના લીધે ઠેર ઠેર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા અંધારપટ્ટ

**સે-૬ માં કેબલ લાઇનના ખોદકામના લીધે સ્ટ્રીટ લાઇટો બંધ સ્ટ્રીટ લાઇટની સમસ્યા દુર કરવા સ્થાનિકોની રજુઆત**

ગાંધીનગર તા ૧૬

શહેરમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે. સેકટરોમાં છાશવારે સ્ટ્રીટ લાઇટો બંધ રહેતી હોવાના મામલે અનેકવાર સ્થાનિકો રોષ વ્યકત કરે છે. શહેરના સેકટરોમાં હાલ ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. જેના લીધે પણ સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે સેકટરોમાં કેટલાક ઠેકાણે સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઇ જાય છે.સે-૬ માં પણ છેલ્લા કેટલાક દિવસોથી કેબલોના ખોદકામના લીધે સ્ટ્રીટ લાઇટો બંધ હોવાથી સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઇ જાય છે. લાંબા સમયથી સેકટરોમાં અંધારુ છે.જેના લીધે સ્થાનિક રહીશોને રોજબરોજ પારાવાર હાલાકી વેઠવી પડે છે.

શહેરમાં સ્ટ્રીટ લાઇટની સમસ્યા વર્ષો જુની છે દાયકાઓ જુના લાઇટીંગ પોલ્સ પણ જોખમી સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. સેકટરોમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઇટના થાંભલા છે. પરંતુ સેકટરોમાં કટાયેલા અને કંગાળ થાંભલાઓ યથાવત છે. દાયકાઓ જુના જોખમી થાંભલા ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેમ છે. સ્ટ્રીટ લાઇટના થાંભલાઓના ઢાંકણ પણ નિકળી ગયા હોવાથી વાયરો પણ ખુલ્લા જોવા મળી રહ્યા છે. આમછતા સ્માર્ટ સીટીમાં સેકટરોની ભીંતર જોવા મળતા આવા બિહામણાં અને જોખમી દ્રશ્યોને નિવારવા કોઇ નક્કર આયોજન થતુ નથી. બીજીતરફ સેકટરોમાં સતત ચાલતી ખોદકામગીરીના લીધે પણ સ્ટ્રીટ લાઇટની સેવા પ્રભાવિત થઇ છે. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના લીધે પણ અનેક વાર સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે ટેલીફોનની લાઇનના કેબલો પણ કપાયા હતા. જેથી ટેલીફોન સેવા પણ ઠપ્પ થઇ ગઇ હતી હજુ પણ કેટલાક વિસ્તારમાં આવી જ સ્થિતિ છે. જયારે હાલ કેબલોને અનુલક્ષી હાથ ધરાયેલી ખોદકામગીરીના અંતે સે-૬ માં સ્ટ્રીટ લાઇટો ડુલ છે. જેના લીધે સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઇ જાય છે. સ્થાનિક રહીશોને પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. સેકટરમાં ત્વરિત અજવાળુ પથરાય તે માટે સમારકામ હાથ ધરવા પણ માંગણી કરવામાં આવી છે.



સ્માર્ટ સિટીને કલંક લગાડતું કૃત્ય - ગાંધીનગર શહેરને સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં સરકાર અથાક પ્રયત્નો કરી રહી છે... શહેરને સ્માર્ટ બનાવવા વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે... તંત્ર દ્વારા ફુટપાથ બનાવવામાં આવી... પણ ફુટપાથના બ્લોક પણ થોડા સમય પછી કોઈ ગાયબ કરી જાય છે... તેમ હમણા થોડા જ સમય પહેલા શહેરના ચાર રસ્તાના ખૂણાઓને ડેવલપ કરવાના હેતુથી પોલ સાથે નાની સાંકળની રેલીંગ બનાવવામાં આવી હતી... પરંતુ ખબર નહિ શહેરને કોનું ગ્રહણ લાગી ગયું છે કે, હજુ આ રેલીંગના રંગ પણ તાજા છે ત્યાં સાંકળો જ આખે આખી ગાયબ થઈ ગઈ... છે ને સ્માર્ટ સિટીને કલંક લગાડતું કૃત્ય....

# વિધાનસભાના સત્રમાં અંદાજપત્ર અને રાજ્યસભાની ચૂંટણી જ છવાયેલી રહેશે

ગાંધીનગર, તા. ૧૬

૨૬મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં ૧૨ દિવસ બેઠક રાખવામાં આવી નથી. વિધાનસભા સત્રમાં અંદાજપત્ર અને રાજ્યસભાની ચૂંટણી જ છવાયેલી રહેશે.

૩૧મી માર્ચ સુધી ચાલનારા આ અંદાજપત્ર સત્ર દરમ્યાન સરકાર કોઈ ખાસ નવા વિધયેકો લઈ આવવા માંગતા નથી. પરંતુ આ સત્ર દરમ્યાન અંદાજપત્ર અને વિવિધ વિભાગોની માંગણીઓ પર જ ચર્ચા કરવામાં આવનાર છે.

વિધાનસભા સચિવાલય દ્વારા સુધારા કેલેન્ડર જે બહાર પાડવામાં આવ્યુ છે તેમાં ત્રણ દિવસ માટે બે બેઠકો ગૃહની દર્શાવવામાં આવી છે. આ સત્ર દરમ્યાન રાજ્યપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ તેમજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટે સાત દિવસનો સમય ફાળવવામાં આવ્યો છે. ૨૬મી ફેબ્રુઆરીએ રાજ્યના નાણાં વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીથી પહેલા ૧૯-૨૦ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકો રજુ કરશે અને ત્યારબાદ ૨૦૨૦-૨૧નુ અંદાજપત્ર રજુ કરશે.

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ કરતાં પહેલાં બે દિવસ પૂરક પત્રક પર ચર્ચાઓ કરી અને તે મંજૂર કરવામાં આવશે.

આ મહત્વના સત્ર દરમ્યાન રાજ્યસભાની ખાલી પડનાર ચાર બેઠકોની ચૂંટણીને કારણે રાજકીય ધમધમાટથી સત્ર વધુ ગરમાયેલુ રહેશે તેમ પાટનગરના રાજકીય વર્તુળોનું કહેવુ છે. ૨૬મીએ અંદાજપત્ર જે રજુ થવાનુ છે તે પહેલા ૨૪મી ફેબ્રુઆરીએ રજુ કરવામાં આવનાર હતુ પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાથી સત્ર બે દિવસ પાછળ લઈ જવામાં આવ્યુ છે જે નોંધનીય છે.

# ઈન્દ્રોડા પ્રોટેક્શન વોલથી ગટરલાઈનમાં ભંગાણ પડ્યું !

**પ્રોટેક્શન વોલની કામગીરીમાં નિષ્કાળજી કોન્ટ્રાક્ટર દ્વારા દાખવવામાં આવતાં ૩૦૦ મીટર ગટરની લાઈન તુટી**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામમાં બનાવવામાં આવી રહેલ પ્રોટેક્શન વોલની કામગીરીમાં નિષ્કાળજી કોન્ટ્રાક્ટર દ્વારા દાખવવામાં આવતાં ૩૦૦ મીટર ગટરની લાઈન તુટી જવા પામી હોવાથી ગામમાં ગંદકીના થર ઉભા થઈ જવા પામ્યા છે.

કોંગ્રેસના કાઉન્સીલર હસમુખ મકવાણાએ આ અંગે કાર્યપાલક ઈજનેર પા.યો.વિ. નં. ૩ને લખેલ પત્રમાં વિસ્તૃત વિગતો સાથે તાત્કાલિક યોગ્ય પગલાં લેવા માટે માંગ કરી છે. મકવાણાએ તેમના આ પત્રમાં પેયજળની લાઈનને પણ નુકશાન થયાનો આક્ષેપ કર્યો છે. તેમણે પેયજળની પાઈપલાઈનનું કામ સત્વરે હાથ ધરવા પણ માંગ કરી છે. તેમણે આ પત્રમાં જણાવ્યુ છે કે અગાઉ પણ મૌખિક રજૂઆત કરી હતી અને છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. હવે તેમણે આ પગલાં જરૂર પડ્યે કરેલ વિડીયો રેકોર્ડિંગ તેમજ થયેલ ગેરરીતિની વિગતો પણ આપવાની તૈયારી બતાવી છે.

# ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા સરકારનો નિર્ણય

**ચણા માટે ૯૫ અને રાયડા માટે ૩૫ ખરીદ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદી થશે : ખરીદી ૧લી માર્ચથી શરૂ કરાશે**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત સરકારે રવિ સીઝનના પાક રાયડા અને ચણાની ખરીદી પણ ટેકાના ભાવે કરવાનો નિર્ણય કર્યો છે. આ ખરીદી ૧લી માર્ચથી શરૂ કરાશે.

નાગરિક પુરવઠા વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્યભરમાં રાયડાની ખરીદી માટે ૩૫ ખરીદ કેન્દ્રો નિયત કર્યા છે જ્યારે ચણાની ખરીદી માટે ૯૫ કેન્દ્રો નિયત કર્યા છે.

ગાંધીનગર જિલ્લામાં રાયડાની ખરીદી માટે ૧ અને ચણાની ખરીદી માટે ૧ કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૧૫મી ફેબ્રુઆરીથી ૨૯મી ફેબ્રુઆરી સુધી આ માટે ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવી શકશે. ચણાનો ભાવ ૧ ક્વીન્ટલનો ૪૮૭૫ અને રાયડાનો ભાવ ૪૪૨૫ નિયત કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે આ બન્ને પાકની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરેલ છે. મગફળીની ખરીદીની કામગીરી લગભગ ઘણા બધા જિલ્લાઓમાં સંપન્ન થઈ ગઈ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# એલઆરડીની મહિલા બેઠકો વધારી છતાં બંને પક્ષે અસંતોષ

**એલઆરડી મહિલા બેઠકોની સંખ્યા ૨૧૫૦ વધારી : સંખ્યા વધીને ૫૨૨૭ : બેઠકોના દોર વચ્ચે જુના પરિપત્રને ધ્યાનમાં નહીં લેવા માટે તથા ૬૨.૫ ટકા માર્ક મેળવનારની ભરતી કરવા નીતિન પટેલની જાહેરાત છતાં છેલ્લે અસંતોષ**

ગાંધીનગર, તા. ૧૬

અનામતના મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણી સરકાર તરફથી ફોર્મ્યુલા તૈયાર કરીને રજૂ કરી હોવા છતાં બિનઅનામત વર્ગ અને અનામત વર્ગ તરફથી હાલ આંદોલન જારી રાખવાના સંકેત આપ્યા છે. મોડી સાંજે સરકારે બેઠકોમાં વધારો કર્યો હોવા છતાં બંને વર્ગો સંતુષ્ટ દેખાયા ન હતા. એલઆરડીની ભરતીમાં પહેલી ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવ મામલે અનામત અને બિનઅનામત વર્ગ દ્વારા ચાલી રહેલા આંદોલન વચ્ચે આજે ગુજરાત સરકારે સાનુકુળ ઉકેલ શોધી કાઢવાનો પ્રયાસ કર્યો હતો જેના ભાગરુપે આજે રવિવારના દિવસે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીના આવાસ પર બેઠક યોજાઈ હતી. લાંબી અને વિસ્તૃત બેઠક યોજાયા બાદ ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો હતો જેના ભાગરુપે સરકારે એવો નિર્ણય લીધો છે કે, પહેલી ઓગસ્ટ ૨૦૧૮ના પરિપત્રને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. એલઆરડીની ભરતીની બેઠકોમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બેઠક બાદ પરિપત્ર રદ કરવા મામલે અનામત વર્ગના આગેવાનો સાથે બેઠક યોજવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પત્રકાર પરિષદ યોજીને મોડેથી વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું ક, જુના પરિપત્રને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જે ઉમેદવારે ૬૨.૫ ટકા માર્ક મેળવ્યા છે તેમની ભરતી કરવામાં આવશે. બક્ષીપંચની બહેનોની ૧૮૩૪ના બદલે ૩૨૪૮ની ભરતી કરવામાં આવશે. આવી જ રીતે જનરલ કેટેગરીના ૮૮૩ અને એસટીના ૪૭૬ના બદલે ૫૧૧ ઉમેદવારની

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશની એક ટીમ આજે ઉનાવા પ્રા.આ. કેન્દ્રની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૬

ઉત્તરપ્રદેશ સરકારના આરોગ્ય વિભાગની એક ટીમ આજે જિલ્લાના પ્રવાસે આવી રહી છે. આ ટીમ ગાંધીનગર તાલુકાના ઉનાવા પ્રા.આ. કેન્દ્રની મુલાકાતે જનાર છે.

મળતી વિગતો મુજબ ૨૫ સભ્યોની આ ટીમ રૂફટોપ કીચન ગાર્ડન, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની કામગીરી ઉપરાંત આરોગ્ય સેવાઓ અંગેની વિસ્તૃત જાણકારી મેળવશે. ટીમ આખો દિવસ ઉનાવા ખાતે રોકાઈ આશા બહેનો, મલ્ટીપરપઝ હેલ્થવર્કરની કામગીરીની પદ્ધતિઓ અંગે જાણકારી મેળવી અભ્યાસ કરનાર છે.

આ ટીમ વડોદરા, ભરૂચ, આણંદની પણ મુલાકાતે જનાર છે. ટીમ ૪ દિવસ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આરોગ્ય સેવાઓ અંગે અભ્યાસ કરી પોતાનો અહેવાલ ઉત્તરપ્રદેશની સરકારને સુપ્રત કરનાર છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ટીમ સમક્ષ જિલ્લાતંત્ર દ્વારા એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરેલ છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રૂફટોપ કીચન ગાર્ડન પ્રોજેકટથી થતા લાભાલાભની જાણકારી પણ આપનાર છે. આરોગ્યતંત્ર દ્વારા આ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.



નવરાશની નિંદર - ગાંધીનગરના રાજમાર્ગો પર આવેલ ફુટપાથની બાજુમાં શ્રમજીવીએ આજીવિકા માટે નાના વ્યવસાયની શરૂઆત કરી છે... શહેરના માર્ગો પર બપોરના સમયે ગરમીનું પ્રમાણ વધતા ચહલપહલ ઓછી જોવા મળી રહી છે... ત્યારે આ શ્રમજીવી બાજુમાં બાકડા પર ભવિષ્યના સપનાઓ જોતો નવરાશની નિંદર માણી રહ્યો છે...

# પેસેન્જર્સ એસોસિએસન વિવિધ ૧૨ મુદ્દાઓ સાથે ઉપવાસ કરશે

**એસ ટી ની મધ્યસ્થ કચેરી ખાતે ૨૪ ફેબ્રુઆરીના રોજ આમરણાંત ઉપવાસના માધ્યમથી લડત આપશે : અનેકવાર રજુઆત છતા કન્ટ્રોલ પોઇન્ટ, નવી બસો શરૂ કરવા તેમજ જિલ્લાના ગામોમાં પણ સલામત સવારીનો લાભ મળે તેવુ આયોજન કરવામાં આવતુ નથી**

ગાંધીનગર તા ૧૬

એસ ટી પેસેન્જર્સ એસોસિએશન દ્વારા એસ ટી નિગમ સાથે જોડાયેલા ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારને સ્પર્શતા વિવિધ ૧૨ જેટલા પ્રશ્નો અંગે અવારનવાર નિગમને રજુઆત કરી છે. કંટ્રોલ પોઈન્ટ શરૂ કરવા , નવી બસો શરૂ કરવા તેમજ ગામ્ય વિસ્તારમાં બસ સેવા ન મળતી હોય તેવા ઠેકાણે બસ શરૂ કરવા શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લાના કેટલાક ગામોમાં પણ સલામત સવારીનો લાભ મળે તેવી સુવિધા ઉભી કરવા માટે અવારનવાર રજુઆત કરવામાં આવી છે.

આમછતા હજુ સુધી આ મામલે કોઇ આયોજન થયુ નથી. જેના લીધે પેસેન્જર્સ એસોસિએશન હવે આ સ્થિતિ સામે લડત આપવા આગામી તા ૨૪ ફેબ્રુઆરીના રોજ એસ ટી ની મધ્યસ્થ કચેરી ખાતે આમરણાંત ઉપવાસના માધ્યમથી લડત આપશે

પેથાપુર એસ ટી પેસેન્જર્સ એસોસિએશન દ્વારા છેલ્લા ઘણાં સમયથી એસ ની સેવા અસરકારક રીતે પેસેન્જરોન મળે તેવા આશયથી વિવિધ મુદ્દે રજુઆત કરવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી પેસેન્જર્સ એસોસિએશને આ અન્વયે વિવિધ ૧૨ મુદ્દે રજુઆત કરી હતી. પરંતુ લાંબા સમયના અંતે પણ આ મુદ્દાઓને અનુલક્ષી એસ ટી નિગમ દ્વારા કોઇ આયોજન થતુ નથી. આ અંગે પેસેન્જર્સ એસોસિએશનના પ્રમુખ કનુજી છનાજી ડાભીના જણાંવ્યા મુજબ એસ ટી નિગમ આ રજુઆત અન્વયે છેલ્લા ઘણાં સમયથી ગોળગોળ જવાબ આપે છે. જેના લીધે પેસેન્જરના હીતમાં રહેલા પ્રશ્નોનુ નિરાકરણ આવતુ નથી. નિગમના અધિકારીઓ યોગ્ય જવાબ આપતા નથી. શહેરમાં કન્ટ્રોલ પોઈન્ટ કાર્યરત કરવાના સ્થળ તેમજ નવા રૂટની બસ સેવા શરૂ કરવા ઉપરાંત શહેર સહીત જિલ્લાના વિવિધ ગામોમાં પણ સલામત સવારી નસીબ થાય તેવા આશયથી વિવિધ મુદ્દાઓ વખતોવખત નિગમ સમક્ષ રજુ કરાયા છે. પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય લેવાતો નથી આ સ્થિતિને ધ્યાને લઈ પેસેન્જર્સ એસોસિએશને હવે આગામી તા ૨૪ ફેબ્રુઆરીથી આ પ્રશ્નોના નિરાકરણ માટે આમરણાંત ઉપવાસની રાહે લડત આપવાની ચિમકી ઉચ્ચારી છે.

# હવે 'નમસ્તે પ્રેસિડેન્ટ ટ્રમ્પ' સૂત્ર રહેશે

**ઇવેન્ટને ગુજરાત સુધી મર્યાદિત નહીં રાખવા ઉદ્દેશ્ય : ભવ્ય ઇવેન્ટને નેશનલ ટચ તમામ પ્રચાર સામગ્રી અને માધ્યમોને નમસ્તે સાથે જોડીને ડિઝાઈન કરવાનો આદેશ**

અમદાવાદ, તા. ૧૬

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીથી ભારત આવી રહ્યા છે ત્યારે ગુજરાત સરકારે ટ્રમ્પના આ કાર્યક્રમને માત્ર ગુજરાત સુધી મર્યાદિત ન રાખીને આ કાર્યક્રમને રાષ્ટ્રીય સ્તર સુધી લઈ જવા તૈયારી કરી છે જેના ભાગરુપે હજુ સુધી ડોનાલ્ડ ટ્રમ્પ માટે સજ્જી રહેલા અમદાવાદમાં કેમ છો ટ્રમ્પ સ્લોગનનો ઉપયોગ થઈ રહ્યો હતો. હવે ગુજરાત સરકારે આને ગુજરાત સુધી મર્યાદિત ન રાખીને નમસ્તે પ્રેસિડેન્ટ ટ્રમ્પ સ્લોગન કર્યો છે. સરકારે નારો બદલી દીધો છે. હવે કેમ છો ટ્રમ્પ નહીં પરંતુ નમસ્તે પ્રેસિડેન્ટ ટ્રમ્પ રહેશે. ગુજરાતના ચીફ સેક્રેટરી અનિલ મુકિમે માહિતી આપતા કહ્યું છે કે, અમારા પ્રયાસ છે કે, આ ઈવેન્ટની ગુંજ સમગ્ર દેશમાં સાંભળવા મળે જેથી ગુજરાત સરકારે કેમ છો ટ્રમ્પને નમસ્તે પ્રેસિડેન્ટ ટ્રમ્પ કરવાના નિર્દેશ આપ્યા છે. અનિલ મુકિમે માહિતી આપતા કહ્યું છે કે, કેન્દ્ર સરકારે અમને કહ્યું છે કે, નમસ્તે પ્રેસિડેન્ટ ટ્રમ્પ થીમના આધાર પર જ દેશભરમાં તેનો પ્રચાર કરવામાં આવશે. આજ કારણસર નિર્ણય બદલવામાં આવ્યા છે. એમ માનવામાં આવી રહ્યું હતું કે, કેમ છો ટ્રમ્પથી આ કાર્યક્રમ માત્ર ગુજરાત સુધી મર્યાદિત રહ્યો હતો. હવે રાજ્ય સરકારને કહેવામાં આવ્યું છે કે, તમામ પ્રચાર સામગ્રી અને અન્ય માધ્યમોને ભારતીય પરંપરાના નમસ્તે સાથે જોડીને ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. અમેરિકાના પ્રમુખ પ્રથમ વખત ભારત આવી રહ્યા છે. પહેલા ટ્રમ્પ દિલ્હી આવશે ત્યારબાદ કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેવા અમદાવાદ પહોંચશે. મોટેરા સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com